શ્રી મોચી પત્રિકા હિતાર્થે

આના માળા.

ॐ

यतो धर्मोस्ततो जयः

પ્રત ૨૦૦૦ ભાદરવો પહેલી આવૃત્તિ.

આપણી જ્ઞાતિનો સ્વભાવ.

હરિગીત

ધૈર્ય ખંતની ઢાલ ધરીને હિંમતવાન બનો બધુ;
નિજ જ્ઞાતિનું શ્રેય સાધવા, આશાવાદી બનો સહુ;
નિરાશાવાદીને તજી દઈને, ઉત્સાહિત થઈ પથે પડો,
સંપરૂપ સમશેર લઈને, નિર્દય કુટીનો નાશ કરો

લેખક
રા૦ પુરૂષોત્તમ લલ્લુભાઈ ગુપ્ત.
ખત્રીવાડ વલસાડ.

પ્રકાશક
રા૦ નાનજી અરજણ
ધોબીતળાવની બીજી ગલી, મુંબઈ નં૦ ૨.

આ માળાના મણકા નીચેના ઠેકાણે મળશે.

રા. પુરૂષોતમ લલ્લુભાઇ ગુપ્ત ઠે. ખત્રીવાડ વલસાડ.

રા. ગોરધન રઘા કણપીઠ સુરત

રા. ગાંડાલાલ કાળીદાસ કતોપોર ભરૂચ

રા. ચુનીલાલ શામજી મીસ્ત્રી. વડવામાં, ભાવનગર

રા. મોહનભાઇ પીતાંબર મોચીબજાર, જેતપુર (કાઠીનું)

રા. રાઘવજી મેઘજી જેઠવા, યુસુફ સ્ટ્રીટ રામબાગ કરાચી સાગ

રા. ગોવીંદજી પ્રાગજી અગરચા ન્યુમાચબંદર. બાપુ બીલ્ડીંગ મુંબઈ નં. ૯

પ્રાર્થના.

ૐ સહનાવવતુ !
સહનૌ ભુનક્તુ !
સહ વીર્યં કરવાવહૈ;
તેજસ્વિના વધીતમસ્તુ;
મા વિદ્વિષાવહૈ !

કઠોપનિષદ

ભાવાર્થ—અમે એકત્ર રહીએ.
એકત્ર સેવા કરીએ.
એકત્ર સામર્થ્ય સંપાદન કરીએ.
અમારૂં અધ્યયન અમને તેજસ્વિ બનાવે.
અમે એક બીજાનો દ્વેષ ન કરીએ.

પ્રકાશના બે બોલ.

સહર્ષ—આ "આના માળા"નો બીજો મણકો પ્રકટ થતાં મારે જણાવવું જોઇએ કે આપણી જ્ઞાતિમાં આ માળાને આનંદ સાથે વધાવી લીધી છે, તેથી આનંદ થાય તેમાં નવાઈ નથી. આ માળાના દરેક મણકામાં લેખો સચોટ અને ચાલુ વર્તમાનના આધારે પ્રકટ થશે જેથી કરીને વાંચનારાઓ જ્ઞાતિહિતની લાગણી અને જ્ઞાતિસેવાનો લાભ લેવા ઉત્સાહી બને.

ઉદ્દેશ—આ માળાને પ્રકટ કરવાને મારો ઉદ્દેશ એજ કે આપણી જ્ઞાતિમાં આજ લગભગ બે વર્ષ થયાં '**મોચી પત્રિકા મફત વાંચનમાળા**' દર માસે પ્રકટ થાય છે. તેનો અનુભવ દરેક વાંચનારાઓ જાણે છે. તેનાજ લાભાર્થે આ માળા પ્રકટ થઇ છે. તેથી કરીને આપણા જ્ઞાતિમાં વાંચનનો વિશેષ ફેલાવો થાય. અને જ્ઞાતિ દાઝ દરેકના હૃદયમાં પ્રદર્શિત થાય અને જ્ઞાતિહિતના કામોમાં ઉત્સાહ વધે અને આપણી અભણ જ્ઞાતિમાં જાગૃતિ આવે. વાંચનથી દરેકના હૃદયના પલટો થાય છે. આ માળાનો છપામણીનો ખરચો બાદ જતાં જે નફો રહે તે પત્રિકા હિતાર્થે વપરાશે અને તેનો હિસાબ વાંચન પ્રચારક કમિટિને સોંપવામાં આવશે.

આભાર—આ બીજા મણકાના લેખક ભાઈશ્રી પુરૂષોતમ એલ૦ ગુપ્ત છે. તેઓ આપણી જ્ઞાતિમાં સારા કેળવાયલા ભલા માણસ છે તેઓશ્રી અંગ્રેજી શાળાના શિક્ષક છે. અને જ્ઞાતિહિતને વિષે કેટલુંક મથન કરી રહ્યા છે. તે તેના લેખો પરથી સાબિત થશે તેઓશ્રીના તરફથી "મોચીહિતાર્થ પ્રકાશ" નામનું પુસ્તક અમોને મળ્યું છે. તેનું અવલોકન કરતાં ખરેખર આપણી જ્ઞાતિમાં આ સાહિત્ય જ્ઞાતિગીતા છે તેના પ્રકટ કર્તા ભાઇશ્રી અને સ્નેહી ગુપ્ત છે. આ સાહિત્ય એકવાર હાથમાં લઈને ધ્યાન દઇને મનનથી વાંચન કરે તો હૃદયપલટો થઈ દરેકના હૃદય આદર્શ રૂપ બને તેમાં નવાઈ નહી. આ પુસ્તક ડેમી આઠ પેજી ૧૨૮ પૃષ્ઠનું દળદાર ઉત્તમ ગ્લેઝ કાગળ પર છપાયેલું છતાં કિંમત કંઇ નહિ. તો આવા સાહિત્યને જરૂર માન આપવું જોઇએ.

ભાઇશ્રી ગુપ્તે આ માળામાં જે આપણી જ્ઞાતિનો સ્વભાવ એ વિષય ઘણો સચોટથી જણાવ્યો છે. તે વાંચવાથી આપોઆપ અનુભવમાં આવશે. ટુંકમાં એટલું જણાવું છું કે દરેક વાંચનાર બંધુઓને જણાઈ આવશે કે ભાઈશ્રી ગુપ્ત આ માળાને ઉત્સાહી બનાવવા માટે કેટલો બધો પરિશ્રમ ઉઠાવી રહ્યા છે. તેથી હું ખરા અંતઃકરણથી તેમનો અત્યંત આભાર માનું છું.

ભલે પધાર્યા જ્ઞાતિ વીર !

જ્ઞાતિવીર શ્રી. ખેંગારભાઈ મોનજી ભરતવાળાની જેલ જવાનું દીગ્દર્શન

જ્ઞાતિ હિતચિંતકોની આશા ફળી એટલે, સાચા હૃદયની પ્રાર્થના પરમ કૃપાળુ પરમાત્માએ સ્વીકારી અને તા. ૧૦–૭–૨૩ને દીને રાષ્ટ્રીયધ્વજના માનને ખાતર ગીરફતાર થઈ ૧૨ માસની સખત અને એક માસની સાદી એટલે તેર મહિનાની કેદખાનાની સજા મેળવનાર આપણા જ્ઞાતિવીર તા. ૩–૯–૨૩ શ્રી જન્માષ્ટમીના પવિત્ર દીને ૧॥ માસની ટુંકી મુદતમાંજ અસત્યપર વિજય મેળવી પાછા વળ્યા. આ સમાચાર જાણી કોનું હૃદય હર્ષ, ઘેલું ન બને.

એઓશ્રીનો અત્યંત પ્રેમયુક્ત મેળાપ થતાં થોડીક જાણેલી બીના આ સ્થાને લખીશ તો તે અસ્થાને ગણાશે નહિ. જેલમાં સિધાવ્યા તે વેળા એમનું વજન ૯૯ રતલ હતું. જયારે ૧॥ માસનીજ મુદતમાં એ દેશાભિમાનીએ સ્વદેશ સેવામાં પોતાના શરીરમાંથી ત્રણ રતલનો ભોગ આપ્યો.

વિશેષમાં આ ઉપરાંતના સત્તાવાર સમાચાર ભાઈશ્રી ખેંગારભાઇ પોતાનો જેલ અનુભવ **"મોચી પત્રિકા"** દ્વારા સવિસ્તાર કરશે. એવી અભિલાષા રાખતો,

જ્ઞાતિ સેવક—**નાનજી અરજણ**

વિજ્ઞપ્તિ.

સુજ્ઞ વાંચક બંધુઓ !

દરેક સ્થળે કોઈપણ કાર્યનો આરંભ પ્રથમ નાના પાયાથીજ શરૂ થાય છે અને તે માંહે દોષો પણ શરૂઆતમાં જોવામાં આવે છે. હાલના બીજા જ્ઞાતિ માસિકોની પણ શરૂઆત એવીજ હતી. પરંતુ સમય જતાં સુધારો વધારો કરી પરિણામે જ્ઞાતિમાં માનીતા અને પ્રિય થઈ પડયાં છે.

તેજ પ્રમાણે દર ૧૮મી તારીખે નીકળતી આ **"આનામાળા"** ની વ્યવસ્થામાં પણ ક્રમે ક્રમે ધ્યાનપુર્વક ઘટતો સુધારો વધારો થતો જશે એટલુજ નહિ પણ જેમ જેમ વાંચકો તરફથી અમોને ગ્રાહકોનું ઉત્તેજન મળતું જશે તેમ તેમ આ "માળા"ના કદમાં વધારો કરી કાગળ સારા વાપરવામાં આવશે. અને ખાસ ખુશી થવાની વાત તો એ છે કે, આ "માળા" ને ઉત્તેજન આપવાથી બે સ્વાર્થ સધાય છે. એક તો "માળા"નું પોષણ અને બીજું આ "માળા"ના વેચાણમાંથી વધેલો નફો **"મોચી પત્રિકા"**ના લાભાર્થે એટલે જ્ઞાતિ વાંચનાર્થે વાપરવામાં આવશે. આ તો એક પંથ અને દો કાજ જેવું છે.

તો ગ્રાહકોને પોતાનું લવાજમ સત્વર પ્રકાશકના સિરનામે મોકલવા નમ્ર વિનતિ છે. આ "માળા" કાઢવાનું કાર્ય કેવળ પરમાર્થને અર્થેજ ઉપાડવામાં આવ્યું છે. અને જેને લઇને એનું લવાજમ

મુંબઇમાં વાર્ષિક લવાજમ ૦—૧૨—૦ બાર આના
મુંબઇ બ્હાર ,, ,, ૧— ૦—૦ પોસ્ટેજ સાથે
હિંદુસ્થાન બહાર ,, શીલીંગ બે પોસ્ટેજ સહિત

રાખવામાં આવ્યું છે. આ નજીવી રકમ જ્ઞાતિ સેવામાં અર્પી જ્ઞાતિ હિતાર્થના માર્ગને ઉત્તેજન મળેથી ક્રમે ક્રમે વિચારશીલ લેખોનો સમાવેશ કરવામાં આવશે. માટે આવા ઉત્તમ ઉદ્દેશવાળી "માળા"ના સહાયક બની પ્રકાશકના ઉદ્દેશને પાર પાડવા સર્વે જ્ઞાતિબંધુની ફરજ હોયજ. કોઇ ગૃહસ્થને ઉપર જણાવેલા લવાજમ ઉપરાંતે ઉતેજનાર્થે વધુ રકમ આપવાનો ઇરાદો હશે તો તે અત્યંત આભાર સહિત સ્વીકારવામાં આવશે.

અસ્તુ—ઇશ્વર પ્રતિ આશામાં વિટાયલાં ઉત્તમ બીજ અંકુરીત થઇ વટવૃક્ષની ઘટા સમાન ફળો એવી અભ્યર્થના રાખતો

લી૦ સેવક

ઉત્તમરામ કાલીદાસ ભગત.

નોંધ—આ 'માળા' માટે ભાઈશ્રી ઉત્તમરામ તનતોડ મહેનત લઇ પરમાર્થનું કાર્ય કરી રહ્યા છે. જેમ દૃષ્ટાંત તરીકે કુહાડીને હાથાની મદદથી કામ થાય તેજ પ્રમાણે કામ કરી રહ્યા છે તેથી ભાઇશ્રીનો આભાર માનવો જોઇએ.

તેજ પ્રમાણે એનોજ દાખલો લઈ બ્હારગામવાળા આ 'માળાનો' વિશેષ ફેલાવો કરવા માટે જો ભાઇઓ પ્રયત્ન કરે તો આપણી જ્ઞાતિમાં વાંચનથી સુધારા વિષે જાગ્રતિ વધારે આવે. એવું જાણીને કોઇપણ આપણી જ્ઞાતિનો ઉત્સાહી ભાઇ જ્ઞાતિસેવા જાણી કાર્ય કરે તો અવશ્ય ધારેલું કામ પાર પડે.

પ્રકાશક.

"આપણી જ્ઞાતિનો સ્વભાવ"

(લેખકઃ—**પુરૂષોત્તમ લલ્લુભાઈ ગુપ્ત—વલસાડ.**)

"આપણી જ્ઞાતિ અજ્ઞાન છે. પૈસા કમાવા અને તેનો ઉપભોગ પોતેજ કરી તેને ગુમાવવાનું તે જાણે છે. તેનો સ્વભાવ સ્વાર્થ પુરતોજ ઉદાર છે. અન્ય શુશિક્ષિત અને આગળ વધેલી જ્ઞાતિ જેટલું આપણી જ્ઞાતિ પાસેથી નિઃસ્વાર્થ ભાવના, કર્તવ્ય અને ચીવટની આશા આપણે નજ રાખી શકીએ. હા, તે જરૂર પાછળ પાછળ આવવા, અનુસરવા તુરત કબુલ કરશે, પણ આગેવાની તો નજ લે. સોંપેલું કાર્ય કહ્યા પુરતુંજ કરશે પણ પોતાને માથે જોખમ તો નજ વહોરી લે. વડીલોએ કરેલુંજ અનુસરવા માટે ચીવટ રાખશે કીંતુ સમયોચીત સુધારા કરવા કદી પણ હા, ન ભણશે. એ સિવાય વધુ આપણે આપણી જ્ઞાતિ પાસેથી આશા નજ રાખીએ."

આવું કહેનાર કેટલાયે લોકો મ્હને મળે છે. એ ઉદ્‌ગારો ખુદ આપણા જ્ઞાતિ બંધુઓનાજ છે. આવા ઉદ્‌ગારો સાંભળી મ્હને ઘણી વાર દુઃખ થાય છે; પણ એ માનવા હું કબુલ નથી. મ્હને મ્હારી જ્ઞાતિમાં શ્રધ્ધા છે. મ્હારા ઠરેલ બુદ્ધિના બંધુઓ,—અલબત્ત મ્હારાથી વડીલો—મ્હને ઘણીવાર કહે છે કે,—"આપણી જ્ઞાતિ માટે ત્હારા કરતાં, હમો કંઇક વધારેજ જાણતા હઇશું" અને ખરેખર હું મ્હારા વડીલો કરતાં મ્હારી જ્ઞાતિને વધું ઓળખું છું, એવો દાવો મારાથી કોઈ કાળે પણ ન થાય; છતાં મને લાગે છે કે જેઓ જ્ઞાતિને વધુ ઓળખે છે તેઓ જ્ઞાતિને અન્યાય નજ કરે એમ નથી.

વર્ષો થયાં હિંદના મહાન સ્વર્ગસ્થ નેતાઓ હિંદ માટે સ્વરાજ્ય ધ્યેયનો રસ્તો ન શોધી શક્યા તે મ૦ ગાંધીજીએ અમલમાં મૂકી બતાવી અખિલ વિશ્વને મુગ્ધ કર્યું. હિંદુ મુસલમીન એકતા વિસ્તારી અને અસ્પૃશ્યોનો મહાન ગહન સવાલ ઉકેલી, અંત્યજો પ્રતિની પ્રજાની આભડછેટ મોળી પાડી. તો તેજ અનુસાર આપણા વડીલ જ્ઞાતિશુભેચ્છકો જ્ઞાતિશ્રેયના માર્ગમાં પોતાનું બનતું કરી ચૂકેલ છતાં એમ કેમ આપણે ધારી ન શકીએ કે હવે હાલના જનસમાજના વાતાવરણ પ્રમાણે આપણા જ્ઞાતિ યુવક બંધુઓ, નિઃસ્વાર્થ અને પરોપકાર પરાયણતાનો પાઠ શિખી, દ્રઢ નિશ્ચયી બની, અનેક સંકટો વેઠી, જ્ઞાતિ ઉધ્ધારનું પુનિત કાર્ય હાથ ધરી લે! આપણે એમ કેમ ન ધારી લઇએ કે એજ યુવકો નિરાભિમાનીપણું ધારણ કરી, નમ્રતા પકડી, જ્ઞાતિ દુષણોનું વિવેચન, મનન, કરી અંધકારમાં રહેલા પોતાના અન્ય બંધુઓને જાગૃત ન કરે!

આપણી જ્ઞાતિ અજ્ઞાન છે એ કદાચ ખરું ઠરે, પણ તેને પોતાનામાં શ્રધ્ધા નથી, સ્વાભિમાન નથી, તેને પોતાનો ઉત્કર્ષ યાને ચઢતી જોવાની ઇચ્છા નથી, અગર એવા ગુણો એ ન કેળવી શકે એમ કેમ કહેવાય? જ્ઞાતિ સમાજસ્વાર્થ પુરતીજ ઉદાર અને કર્તવ્ય પરાયણ છે એમ કહેનારજ પોતે અબુધ અને મોળો છે એ દેખીતું છે. શ્રધ્ધા રાખવામાં આત્મબળની જરુર પડે છે અને તેમ કરવું હિંમત અને દ્રઢ મન સિવાય નથી બનતું. જે પૈસા પેદા કરી શકે તેજ ગુમાવી પણ શકે છે; અને એવી વ્યક્તિઓમાં વિરતાના ગુણો પ્રત્યક્ષ (દેખીતા) હોય છે. આપણી જ્ઞાતિ જે સમાજમાં આગળ પડતી નથી, તેનું કારણ આપણામાં નેતાઓ નથી, એ નથી, પણ આપણામાં જે વિશાળ વૃત્તિનો અભાવ છે તેજ છે, અને હવે આવા પ્રવૃતિના સમયમાં એવી વિશાળ વૃત્તિઓજ (એકાત્મ ભાવના) કેળવાવી જોઇએ.

આપણી જ્ઞાતિની પડતીનો અને અજ્ઞાનતાનો દોષ કેટલેક અંશે જનસમાજ ઉપર પણ મૂકી શકાય, કેમકે- આપણે, આપણી જ્ઞાતિના કોઇ ગુન્હેગાર ઠરેલાની સાથેનો વહેવાર બંધ કરી, તેને આપણી જ્ઞાતિ સમાજમાંથી બાદ કરી કનડીએ છીએ, અને તેની પાસે આપણોજ મત કબુલ કરાવીએ છીએ; અને એકાદ કુમળા ફુલના છોડની અનેક ડાખળીઓમાંથી એકાદને ઘા કરી લુલી કરી નાંખીએ છીએ, જેને પરિણામે એ છોડના મૂળમાંથી મળતું સત્ય ચુસવાને એ અશકત નિવડવાથી સુકાવા માંડે છે, તેજ પ્રમાણે જન સમાજના બહોળા વાતાવરણમાંથી આપણી મોચી સમાજને શુદ્ર ગણી તેનો બહિષ્કાર કર્યો, આપણી સાથેનો શુદ્ધ વહેવાર બંધ કર્યો અને તેજ સમયથી આપણી પડતીનું પગરણ મંડાયું. વિસ્તાર ભયને લીધે આપણી પડતીનાં અનેક કારણો નથી આપી શકાતાં.

પ્રથમ તો આપણને વિદ્વાનો તરફથી મળતું ધાર્મિકજ્ઞાન અને શિક્ષણ બંધ થયું; અને જ્યાં સુધી આપણી સમાજના કેટલાક શુશિક્ષિત હતા તેઓ એ શિક્ષણ ક્રમ ચાલુ રાખ્યો, જે તેઓ પછી બંધ થયું. પરિણામે સર્વત્ર અજ્ઞાનતા પ્રસરી રહી,--આપણે અજ્ઞાની અંધકારમાં દટાયા.

બીજું આપણી સમાજને જે જાહેર વાતાવરણમાંથી વ્યવહારિક જ્ઞાન અને બુધ્ધિ , હિંમત કેળવવાના સાધનો મળતાં હતાં તે પણ એ રીતે બંધ થયાં અને આપણને દાસત્વ સ્વીકારવુ પડયું. આપણે શુદ્ર નીચ ગણાયા. જન સંબંધમાંથી આપણે બાતલ થયા. આપણો અવાજ મોળો પડયો. દરેક તરફથી વહેતાં અમિમય ઝરણાં આપણાં સુધી આવતાં તે સુકાઇ જવાં લાગયાં, અને એ રીતે આપણી સ્થિતિ અપમાનીત દશાને પામી. એજ રીતે આપણી જ્ઞાતિ દિવસે દિવસ અધિક અધોગતિના માર્ગ પ્રતિ સરવા લાગી. આપણામાંથી ધર્મ ગયાં કર્મ ગયાં દયા ગઇ, ઉદારતા ગઈ, સમભાવ ગયો પ્રેમ ગયો અને

દુર્ગુણોનો જમાવ થવા માંડયો, સદ્ધર્મ અને સદ્કર્મમાં પ્રવૃત થવાનો એકે માર્ગ ન રહ્યો. ન વિદ્યા, ન ઉપદેશ મળ્યાં, જેથી આપણે ધર્મ કર્મને ટોલ્લે મૂકી આપણાજ સમાજના મહાનુભાવો- અગ્રગણ્યોથી બંધાએલા લોકાચારને,–રૂઢી રિવાજો અને પટેલીઆ પંચને,–એક બંધન રૂપ સમજી અનુસરવા લાગ્યા અને એનેજ શાસ્ત્ર આજ્ઞા સમજવા લાગ્યા. કેવી દુર્દશા !

સ્વભાવતઃ દુઃખી માણસ પોતાનું દુઃખ ઓછું કરવાના ઉદ્દેશથી વ્યસની બની તેમાં મશગુલ થઇ તેને ઓછું કરવા પ્રયત્ન કરે છે તેજ પ્રમાણે આદર્શ જનસમાજથી બહિષ્કૃત થએલી આપણી મોચી સમાજ પોતાનું દુઃખ ભૂલવા પ્રત્યેક વ્યસનોની ભોક્તા બને–વ્યસન તેને વળગે એ નિર્વિવાદીત છે,–અને થયું પણ તેમજ. વ્યસની તે બની અને તે એટલી દુર્દશાની ભુમિ સુધી કે, કેમ જાણે તે પ્રભુ તરફથીજ તેમને માટે નિર્માણ ન થયું હોય તેમ. જો કોઈ એ માટે બે શબ્દો કહેવા નીકળે, તો આપણા લોકો કહે છે કે–ભાઈ! શું કરીએ, સરજ્યું તે વરશ્યું ! પણ આ એક જાતની આપણી દુર્બળતાજ સુચવે છે; પણ એ દુર્બળતા યાને અન–ઉત્સાહિત ઉદ્ગારો આપણે માટે અનિવાર્ય છે. આટલા લાંબા સમયના સંસ્કાર પામેલા–વારસામાં મળેલા–એક માર્ગી વિચારના સ્વભાવ અનુસાર એવા નિરાશાસૂચક હૃદયોદ્ગારો શબ્દ રૂપે બહાર આવે એ કુદરતી છે; અને એને માટે દોષિત આપણે નથી કીંતુ પોતે ઉંચ હોવાનો ફાંકો રાખનાર જનસમાજ કે જેણે ભારતનો “ અહિંસા પરમોધર્મ ” નો સચોટ ધર્મોપદેશ છોડી, આપણા સમાજને નિરાધાર સ્થિતિમાં, અભણ અજ્ઞાનની દશામાં મૂકવા જેટલી ધૃષ્ટતા કરી, આપણા આત્મા ઉપર આઘાત કરી તે પર વિશાળ પ્રકાશ ન પડવા દીધો, આપણને અંધકારમાંજ,–દાસત્વમાંજ રાખ્યા તેનો છે. (પણ હવે આપણા માટે તો વ્યસનોને પોતેજ ત્યજવા પુરૂષાર્થ કર્યેજ છુટકો)

હાય ! તે આપણા દાસત્વના દિવસો પણ વહી ગયા છે. વિદેશી પ્રજાનું આપણા ભારત ઉપર રાજ્ય થવું એને હું શુભ પગલું જ લેખું છું. આપણા સમાજના ઉદયની ઉષા એઓનાજ રાજ્યથી થઇ. વિદ્યા મળી; સારાસારનો વિચાર કરવાનો મળ્યો, આભડ છેટનો તિરસ્કાર મટ્યો, આપણે આપણું સમાજ મહત્વ સમજવા લાગ્યા. પ્રજા તરીકે સમાન હક મળ્યા, જન-સમાજ કે જે આપણુને શુદ્ર સમજી ક્ષુદ્ર વસ્તુ માફક અવગણના કરતો હતો તેમાં પણ પગ પેસારો થવા લાગ્યો; અને આપણને અન્યની માફક સમાજ સુધારણાર્થે મત આપવાનો અધિકાર પણ મળ્યો, વ્યવહારિક કામોનો અનુભવ મળ્યો. પ્રવૃતિની સ્થિતિએ પહોંચ્યા એજ આપણી જાતિ ઉદયનાં રૂડાં વાનાં સમજવાં.

યુરોપીય પ્રજાનાં રાજ્ય અમલથી સમાન રાજ્યનીતિથી આપણે કાંઇક વિદ્યાના સંસ્કારી બન્યા અને તેના પ્રતાપે સમાજમાં આપણું સ્થાન શું છે અને હાલ આપણી સ્થિતિ કેવી છે-એવું એવું જાણ-વાની જીજ્ઞાસા વૃત્તિવાળા થવા છતાં જો આપણે આપણી સમાજને વળગેલું દુષિત વ્યસન ન છોડીએ તો વાંક કોનો ?

આપણામાંના ઘણાકોએ-સમાજના ગુણ-અવગુણનો તોલ કાઢી દુષણ રૂપ જે વસ્તુ જણાય તેને ત્યજવા ક્રમેક્રમે પ્રયત્નો શરુ કર્યા છે. પણ એ કામ સમસ્ત સમાજનું છે તો તેમાં એકત્રિત થઈ ઝંપલાવ્યે જ છુટકો. એમ ન બનવું જોઇએ કે, અન્ય 'મેલ કરવત મોચીના મોચી' કહી ટકોર કરી જાય !

જેટલો ધન્યવાદ વિદેશી પ્રજાને આપીએ તે કરતાં અધિક ધન્યવાદ આ ચાલતી વીસમી સદીને આપવો ઘટે. વીસમી સદીએ તો પછાતપણાને મારી મચડીને અંધકારમાંથી અજવાળામાં લાવી, દેશ-શહેર, ગામડાં અને ઘરે ઘરના ખુણે ખુણા ખળભળાવી મૂકયા

છે. એ સદીમાં સકલ વિશ્વ પ્રવૃત્તિમય બની રહ્યું છે. સંસાર સુધારો, સામાજીક સુધારો, રાજકિય સુધારો, વિજ્ઞાનીક સુધારો, હુન્નર ઉદ્યોગ તથા વિધવિધ કળાઓમાં સુધારાઓ થયા છે એ એજ સદીના પ્રતાપ નહિં તો બીજું શું ?

તો ઓ! મ્હારા નવયુવાન બંધુઓ અને સુહ્રદયી ઠરેલ સજ્જનો ! એ સુધારાના ઝણુઝણાટ હજી તમારા કાનને કેમ જાગૃત નથી કરી શક્યા ? તમારી આંખ કેમ નથી ખુલી. ઉષા મટી પ્રભાત પડી ચુક્યું છે છતાં કેમ હજી આળસુ માફક પથારીમાં આળોટો છો ?

બંધુ ! ઉઠ ! જાગૃત થા ! જ્ઞાતિધર્મયુધ્ધમાં ઝંપલાવ ! અને આત્માના અડગ, અટલ, નીજ જ્ઞાતિઉન્નતિના શુભ વિચારે "જ્ઞાતિ સેવા ધર્મ સ્વીકાર" અને આજથીજ પ્રવૃતિમય જીવન શરૂ કર,—અને તે મરણાંતે પણ ન છોડવા દ્રઢ નિશ્ચયી બન !

રાજર્ષિ ભર્તૃહરિએ ઠીકજ કહ્યું છે કે:—

> પ્રારભ્યતે ન ખલુ વિઘ્ન ભયેન નીચૈઃ ।
> પ્રારભ્ય વિઘ્ન વિહિતા વિરમન્તિ મધ્યાઃ ॥
> વિઘ્નૈઃ પુનઃ પુનરપિ પ્રતિ હન્યમાનાઃ ।
> પ્રારબ્ધમુત્તમજના ન પરિત્યજન્તિ ॥

અર્થાત્—અમુક સંકટ યા દુઃખ પોતા ઉપરજ આવી પડશે એવા વિચારે શુભ કાર્યની શરૂઆતજ ન કરવી એ નીચનું કામ છે.

કાર્યની શરૂઆત ઉત્સાહભેર કીધી કિંતુ તેમાં અડચણ યા વિઘ્ન આવી પડતાં તે કાર્ય પડતું મૂકવું એ મધ્યમ પુરૂષનું કામ છે ।

પણ અનેક ઉપરાઉપરી અડચણો અને દુઃખો આવી પડ્યાં છતાં હાથ પર લીધેલું શુભ કાર્ય હરગીજ ન છોડે,—છોડવા વિચાર સુદ્ધાં ન કરે—એ ઉત્તમ (શ્રેષ્ઠ) પુરૂષનાં લક્ષણ છે ॥

વડીલ જ્ઞાતિ હીત–ઉત્સુકો ! અને ઉત્સાહીત યુવકો ! જ્ઞાતિ સુધારણાનું કાર્ય જ્ઞાતિ સમસ્તનું છે, તો દરેકે પોતાનો યથા શકિત ફાળો આપ્યેજ છુટકો ! વિઘ્ન કર્તા થવા કરતાં સ્હાયક બનો ! ઉદય નક્કીજ સમજો ! અસ્તુ ઇતિ શિવમ્

મારો કચ્છનો અનુભવ.

(ખેંગારભાઇનો નહિ છપાયલો લેખ)

૧ ભુજમાં કુસંપઃ—હું કામ પ્રસંગે ભુજમાં બે માસ રહ્યો. પણ ભુજમાં મેં સંપને બદલે ભુજની નાતમાં કુસંપ ઇર્ષા, અભિમાન જોયું. નાતના દરેક ભાઇનાં દિલ, વિચાર, સંકુચીત જોયા. દરેકને પોતાની વાત રાખવાનો મોહ રહ્યો, પોતાની વાત ખોટી હોય, તેની ફીકર નહિ, પણ મારી વાત રહેવી જોઇએ ! એવી ભાવના દરેકના અંતરમાં જોઇ. જ્યાં દરેકનાં દીલ છુટાં હોય, જ્યાં દરેકને પોતાની વાત રાખવાનો મોહ હોય, ત્યાં સંપની આશા રાખવી ફોકટ છે. આપણે જો સંપ, પ્રેમ, ઇચ્છતા હોય તો, આવી ભાવનાને હવે નાબુદ કરવી જોઇએ, અને દરેકે હળીમળી નાતના કાર્યમાં સંપથી બળવું જોઇએ. અને દરેક ભાઇ અંતરથી એવું ઇચ્છે છે કે—આપણે દરેક કાર્ય સંપથી કરશું ત્યારેજ આપણી નાતની ઉન્નતી થશે."—આવી ભાવના દરેક ભાઇના અતરમાં થશે ત્યારે આપણું ભવિષ્ય ઉજળું છે. આપણે દરેકે–એ ફરજ સમજી પોતાની શકિત પ્રમાણે કાર્ય ઉપાડી લેવું જોઇએ, પટેલોએ પણ સમજવું જોઇએ જે હવે દબાવાનો જમાનો નથી. નાતના કાર્યમાં ગરીબથી કરી તાલેવંત સુધાં બધાને બોલવાનો સરખો હક છે, માટે દરેકને તેનો હક

આપવો જોઇએ. પટેલોએ પોતાની સત્તાને દુરૂપયોગ કરવો નહિ—તેમ નાતીલાઓએ પણ પટેલોની વાત ન્યાયી હોય તો ઉલંઘવી નહિ એવી રીતે સંપથી ચાલવાથી જ્ઞાતિમાં સંપ વધવાને સંભવ છે.

૨ કચ્છની નાતોના લાગાઃ—કચ્છમાં આજે લગ્ન કે એવા બીજા પ્રસંગોએ નાતને આપવાના લાગાનુ ધોરણ જુનું છે. આ ધોરણ કેટલીક વાતે જુના ધોરણ પ્રમાણે વાજબી હશે, પણ આજના વખતમાં આજનો સમય જોતાં, આ લાગા બહુ ભારી પડે છે, કારણ જે આપણી જાતિ એવી શ્રીમંત એટલે વધારે સુખી નથી પણ સાધારણ છે. એટલે આટલો બોજો સહન ન કરી શકે. તો આ નાતનો લાગો થોડો ઘટે એવી કચ્છીની નાતોને વિનતી છે. આ ધોરણ પ્રમાણે લાગા આપવા સુખી ભાઇઓને ભારે ન પડે. પણ જેને પોતાનું ગુજરાન પણ પુરૂં કરવું ભારી પડતું હોય, એવા ભાઇ જેમ તેમ કરી કરજ કરી લગન કે કાંઇ એવા પ્રસંગ કરે, તેને તો આ બોજો બહુ ભારી પડે. તો નાતે ગરીબોપર રહેમનજર રાખવી જોઇએ. આ નાતના લાગાની ઉઘરાણી પણ બહુ કડક થાય છે. તે એટલે સુધી કે નાતનો લાગો આપો નહિ તો, તમારૂ કામ અટકાવશું. અથવા નાત બહાર મુકશું આવું દબાણ, અન્યાયી, જુલમી કહેવાય, એ નાતે સમજવુ જોઇએ. આવા દબાણને હું ધિક્કારૂં છું. કારણ જે નાત શા માટે હોવી જોઇએ ? જે નાત સુખી, દુખી ઉપર રહેમ નજર રાખે, સારા મીઠા પ્રસંગે મદદ રૂપ બને, તે આપવી તો બાજુએ રહી, પણ આ તો નાત રક્ષકને બદલે ભક્ષક થઇ. નાત દુખીને સહાય આપવાને બદલે ખાવા દોડી. આવો અન્યાય હું જોઇ નથી શકતો. તેથી હું વિનવીને કચ્છના કાયકરતાઓને સૂચના આપું છું કે ભાઇઓ આવો જુલમ નહિ ચાલે. આવો અન્યાય ચલવવો વ્યાજબી નથી, તમે રહેમ નજર

રાખશો તો નાતનો લાગો કોઇ નહિ દબાવે. જે સુખી હશે તે તો એક દહાડો નાતનો લાગો ઘરમાં નહિ રાખે. પણ જે સાધારણ હશે ઘરમાં સાંજે નહિ હોય તે બે ચાર માસ પછી આપશે, અને જે સાવ દુઃખી હોય તે ન આપે તોય નાતના ગોરમાં કયાં ઓછુ થઇ જાય એમ છે એવું ઉદાર અંતર નાતે રાખવું જોઇએ નાતની શોભા નાતની કીર્તિ છે. જે દરેક ઉપર રહેમ નજર રાખવી. દરેકને પ્રેમથી મદદ રૂપ બનવું આનુ નામ નાત, આનુ નામ નાત ભાઇઓ.

૩ કચ્છી નાતોમાં કુસંપઃ—કચ્છની ચાર નાતો છે, ભુજ, અંજાર માંડવી, મુદ્રા, આ ચાર શહેરની નાતોમાં થોડા વર્ષો થયાં કુસપ પેઠો છે. આ કુસપનુ મૂળ નાનુ હતું, સાધારણ હતું, પણ વેળાવેળ આ કુસંપ વધતો જાય છે, આ કુસંપના પ્રતાપે એક બીજાના દીલ જુદાં થઇ ગયાં છે. એક બીજાને પ્રસંગ પડે એક બીજાની નાતનું બુરૂં કેમ લાગે એવું દરેક શહેરની નાતોમાં પ્રસંગે થાય છે. આવી સ્થિતિ થવાથી દરેકની ભાવના ટુંકી થતી જાય છે. દરેકમાં ખોટા ભેદ ભાવ વધતા જાય છે, આવી સ્થિતિ જો કાયમ રહી તો ભુજવાસીને અજાર જાવું ભારી થઇ પડશે તેમ માંડવીવાળાને ભુજ આવવું ભારી થઈ પડશે, તેથી ચારે શહેરના ભાઇઓએ સાથે મડી આ કુસંપ નાં મૂળ કાઢવાં જોઇએ. અને પછી એક બીજાનું સારૂં કેમ થાય એવી ભાવના દરેક શહેરના નાતીલાઓ રાખશે ત્યારેજ સંપ થવો સંભવીત છે.

કચ્છની ચારે નાતોમાં સંપ હશે, તેમાંજ કચ્છી નાતોની શોભા છે. માટે કચ્છીભાઇઓએ હવે જાગ્રત થવું જોઇએ. પોતાની નાતોમાંથી કુસંપ કાઢવો નાતમાં સુધારા કરવા, નાતમાં કેળવણી વધારવી. નાતનાં

ગરીબ ભાઇઓને મદદરૂપ બનવું. આવી ભાવના રાખી જયારે કચ્છી ભાઇઓ બહાર પડશે ત્યારેજ આપણી નાતોનું ભવિષ્ય ઉજળું જોઇ શકશો. માટે કચ્છી ભાઇઓ ! જાગ્રત થાઓ ! આ જાગ્રતીનાં જમાનામાં તમારાથી આમ આળસુ થઈ બેસી ન શકાય એ સમજો.

૪ આપણી નાતોમાં શિક્ષણની ખામીઃ—હું કચ્છમાં થોડું રહ્યો પણ મને ખુલુ જણાઈ આવ્યું કે કચ્છમાં છોકરાઓ અથવા છોકરીઓને ભણાવાની કાળજી માબાપો, થોડી રાખે છે. દેશમાં આપણા મોટેરાઓને આ તરફ બહુ અભાવ છે, તેઓનો અભિપ્રાય એવો છે કે ભણીને શું કરવું છે ? ભણવાથી છોકરાઓ બગડે છે ? ભણવાથી છોકરાઓ અમારા તાબામાં રહેતા નથી. આ પ્રમાણે તેઓનુ કેવું છે આ કેવું કેટલીક વાતે વ્યાજબી હશે. કારણ જે શિક્ષણ મેળવે, તેમાં તે આગળ વધે તો તે સ્વતંત્ર વિચાર કરતો થાય, વડીલોની ભુલ હોય તે બતાવે એ તેઓને પસંદ નથી. અમે ગમે તેવા તો પણ મોટા, અમે ખોટા હઇએ તોપણ અમે મોટા, આવી ભાવનાના માણસો છોકરાઓને સારૂ શિક્ષણ આપતા નથી. કેટલાક લોભવૃતિને લીધે છોકરાઓને ભણાવતાં નથી. તેઓ એમ ધારે છે કે ભણાવીને કયાં આપણે નોકરી કરવી છે? કયાં ભણીને મોટી પદવી લેવી છે? આવી ભાવનાવાળા માણસો નાનપણથી છોકરાઓને ધંધે લગાડી આપે છે. અને તેને સાવ કુંભાર જેવા બનાવી મુકે છે. આવી રીતે તેઓ છોકરાઓનું ભવિષ્ય બગાડે છે, આ છોકરાઓ વધારે ભણે નહિ તેથી આ છોકરાઓની બુદ્ધિ ટુંકી રહે છે, તેથી તે ધર્મ શુ ? મારી ફરજ શું ? મારૂ કર્તવ્ય શું ? એ સમજવાની શક્તિ કયાથી હોય ? એટલે માત્ર એટલુંજ સમજે ગમે તેમ સાચુ જુઠું બોલી કમાવું, ખાવુ પીવું આમાંજ જાણે આખી જીંદગી વીતાડવી, એટલુંજ જ્ઞાન

હોય આ છોકરાનું ભવિષ્ય સારૂં થવું અસંભવીત છે, કચ્છમાં મને આવા છોકરાનો ઘણો પરિચય થયો, નાનપણથી ધંધારૂપી ધુંસરી નાખવાથી સાવ નમાલા, બોલવામાં વિવેક નહિ. બોલે તો યે જાણે એવું કે-મૂર્ખાઇ ભરેલુ! આવી સ્થિતિએ આવવાનુ મૂલ કારણ કેલવણીની ખામી છે. તેથી હું કચ્છીભાઇઓને વિનવું છુ કે ભાઇઓ! છોકરાઓ, તથા છોકરીઓને અભણ રાખવામાં તમે છોકરાઓની જીંદગી સાવ પશુ જેવી બનાવી છોકરાનું ભવિષ્ય બગાડો છો, તે ભૂલ સુધારી તમારા છોકરાને સુધારવા ઇચ્છા હોય તો એની ફરજોનુ જ્ઞાન આપવા ઇચ્છતા હો તો છોકરાઓને અવશ્ય કેળવણી આપશો, આમાં તમારૂં તમારા બાળકનું ભલું થશે એ તમે ભવિષ્યમાં જોઈ શકશો માટે તમે આ સૂચનાનો અમલ કરશો.

૫ જેરાંધીભાઇઓને-ભાઇઓ તમે સુધરેલા છો. તમે જરા આગળ વધેલા છો એ હું જાણું છું, તમે આવું ઇચ્છો એ પણ સારૂં છે-પણ ભાઇઓ તમે સુધર્યા તો જ્ઞાતિ પ્રત્યે તમારી શું ફરજ એ તમે સમજતા હશો, તોપણ હું બે શબ્દ કહેવા ઇચ્છું છું, તમે સુધર્યા. તમે સ.રૂ નામ ધર્યું. શરૂ એ બધું ઠીક, પણ તમે તમારી જ્ઞાતિથી અલગ હોવાનો દાવો કરો એ તો તમારૂં ખોટુ અભિમાન છે. એ ખોટા અભિમાનથી બચો, એવું આપની પાસે ઇચ્છું-તમને હું સુધર્યા ત્યારે કહુ કે તમે નાતના કાર્યમાં નાત ભાઇઓ સાથે એક ભાઇ કેમ વરતે તેમ વરતો, તેની ભુલ હોય તે સુધારો, તેનો દોષ હોય તે કાઢો, તેના આચાર સારા ન હોય તો સારા કરવા સમજાવો, પણ તેની સાથ એક થયા વિના તમે તેને સુધારી નહિ શકો, અને તમે આટલું કરો એ કાંઇ ભારે નથી. આટલું ખરા અંતઃકરણથી કરશો. અને તે કરવાની ફરજ સમજો તો

અવશ્ય કરવું એ તમારો ધર્મજ લેખાવો જોઇએ, તમે પ્રેમથી બંધુ ભાવથી આટલું કરશો તો તમારે આજ નાતભાઇઓથી શરમાવું પડે છે તે ભવિષ્યમાં શરમાવું નહિ પડે મારી આટલી સૂચના તમે સ્વીકારશો એવી ભાવનાથી લખું છું તમે આટલુ કરશો ?

૬—કચ્છીભાઇઓને ઉદ્દેશી એક વિનતી પત્ર આ પત્રિકા નંબર ૪માં મેં લખ્યો હતો. તેમાં મુબઇના મંડળના કાર્યમાં મદદ રૂપ બનવા કચ્છીભાઇઓને વિનવ્યા હતા, પણ કચ્છીભાઇઓને કયાં તેની દરકાર હતી ? કચ્છીને તો બસ ખાવું પીવું, નાતમાં કુસંપ વધાર્યા કરવો. નાતમાં પઇસા વધ્યા હોય તો જમણવાર કરી ખાઇ જવું આટલીજ ચીંતા કચ્છીભાઇઓ રાખે છે. મારી માગણી કાંઇ ખોટી નહોતી માત્ર લગન વખતે એક લગન દીઠ મંડળને એક રૂપીઓ, તે પણ આવા સારા કામ માટે કે જે કામ કાઠીઆવાડીઓએ પોતાની ખુશીથી કરી આપ્યું. કચ્છીમાં આટલુ કરવા શકિત નથી શું ? આવુ લખતાં મને શરમ આવે છે, પણ શુ કરૂં લખવાની મારી ફરજ છે, કચ્છીને સાચુ કેતાં હું અટકું, એ મને ન રૂચે. કચ્છીભાઇઓ ! હજી ચેતો તમારી ફરજ સમજો ! આ કાંઈ ખોટી બાબત નથી તમે કાઠીઆવાડીથી સુધરેલા હોવાનો દાવો કરો છો, તો તમે તેનાથી પાછળ રહેશો ? તેથી હજી વિચાર કરી જાગશો અને તમારા કાઠીઆવાડી ભાઇઓથી સવાયા થાવ એવું આપની પાસે ઇચ્છું

લી. સેવક,

ખેંગાર મોનજી ભરતવાલાના

વંદેમાતરમ્

સંવત ૧૯૭૮ ના જેઠ વદ ૯ રવિ

"નવયુગ" મુદ્રણાલયમાં પ્રેરાગજી ખંડુભાઈ દેસાઈએ છાપ્યું.